તા. ૨૪-૧-૨૦૧૭-મંગળવાર સાંજ સમાચાર









## રાજકોટની દોશી હોસ્પિટલમાં શ્વાસ તથા ફેફસાના નિષ્ણાત ડો. યજ્ઞેશ પુરોહિત, (એમ.ડી. ચેસ્ટ ફીઝીશીયન) દ્વારા ૧૪ વર્ષના બાળકની શ્વાસનળીમાંથી દુરબીન (બ્રોન્કોસ્કોપી) વડે ઓપરેશન દ્વારા મેટલ પીનનો સફળ રીતે નિકાલ

રાજકોટ તા.૩/૧/૧૭ના રોજ દિવ્યેશ વિઠલભાઈ મોરબીયા (ઉ.વ.૧૪ રહે. પાંચપીપળા) નામના બાળકને, એક મેટલ પીન (નોટીસ બોર્ડ પર લગાવવાની પીન), દાંત ખોતરતી વખતે અચાનક ઉધરસ આવતા શ્વાસનળીમાં જતી રહી હતી અને તરતજ ઉધરસ તથા શ્વાસની તકલીફ થવા માંડી હતી. નજીકના ડોકટરને બતાવતા એકસ–રે પરથી એ પીન જમણી બાજુની શ્વાસનળીમાં જતી રહી હોવાનું જણાયુ હતુ અને ત્યાંથી ડોકટરે બાળકને તરત જ રાજકોટ લઈ જવા સલાહ આપી હતી. જેથી બાળકને રાજકોટની એચ.જે. દોશી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો. જયા ફેફસાના નિષ્ણાંત ચેસ્ટ ફીઝીશીયન ડો. યજ્ઞેશ પુરોહીતે બાળકની તપાસ કરી હતી અને પછી ઓપરેશન થીયેટરમા દુરબીન (બ્રોન્કોસ્કોપી) વડે આ પીનને એક કલાકની જહેમત બાદ સફળ રીતે કોઈપણ જાતની કોમ્પલીકેશન વગર બહાર કાઢી હતી. દર્દીના સગા વહાલાઓએ ઓપરેશન બાદ રાહતનો શ્વાસ લીધો હતો તથા ડોકટરનો ખુબ જ આભાર માન્યો હતો.

Scanned by CamScanner